## આંક– ૪ લગત હુકમ

(૧) એપલેન્ટોના વકીલશ્રીને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. એપલેન્ટોના વકીલશ્રીની દલીલ છે કે, આ કામે કપડવંજના એડી. ચીફ. જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટે એપલેન્ટો/ આરોપીઓને ક્રિમીનલ કેસ નં: ૪૨૯/૨૦૨૩ ના કામે તા. ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૧૧૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને છ માસની સાદી કેદની સજા અને રૂ.૫૦૦/– દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવેલ છે. તેમજ સદર હુકમથી નારાજ થઈ અપીલ દાખલ કરેલ છે. આથી, હાલની અરજી દાખલ કરી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા તેમજ એપલેન્ટોને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. વધુમાં જણાવે છે કે, અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. એપલેન્ટો કુટુંબકબીલાવાળા માણસ છે અને કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવાની તૈયારી બતાવી જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજી વંચાણે લેતા આ કામના આરોપીઓને નામદાર ટ્રાયલ કોર્ટે ક્રિમીનલ કેસ નં: ૪૨૯/૨૦૨૩ ના કામે તા. ૨૬/૦૬/૨૦૨૫ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૧૧૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને છ માસની સાદી કેદની સજા અને રૂ.૫૦૦/– દંડ અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવેલ છે. વધુમાં એપલેન્ટો જામીન ઉપર મુકત હોવાની હકિકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આથી, અપીલ ચાલતા સમય જવાની સંભાવના રહેલ છે. આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૩૦(૩)ની જોગવાઈઓને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

એપલેન્ટો/આરોપીઓની અરજી આંક–૪ લગત **મંજુર** કરવામાં આવે છે. પ્રત્યેક આરોપીઓ/એપલેન્ટોને રૂા. ૨૫,૦૦૦/–ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ટ્રાયલ કોર્ટે જે સજાનો હુકમ કરેલ છે તેનો

અમલ મોકુફ રાખી અપીલનો નિકાલ થતા સુધી જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

## શરતો:-

(૧) એપલેન્ટો/આરોપીઓએ અત્રેની કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં

(૨) એપલેન્ટો/આરોપીઓએ અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ.

(૩) આ હુકમની યાદી સંબંધિત અદાલતને મોકલી આપવી.

સદર હુકમનો અમલ ટ્રાયલ કોર્ટ મારફતે કરવો.

હુકમ આજરોજ તા.૧૯, માહે જુલાઈ, સને-૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૯/૦૭/૨૦૨૫
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)